અમદાવાદ શહેર પોલીસ	ઇસનપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦ Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in	અમદાવાદ શહેર પોલીસ

PRESS NOTE

ઇસનપુર પોલીસ સ્ટેશન

ગુમ થયેલ ચાર વર્ષની બાળકીને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

આજરોજ તા.૦૧/૧૨/૨૦૧૯ ના રોજ બપોરના એક વાગ્યે એક ઇસમ નામે ગફુરભાઇ અબ્દુલ જબ્બાર શેખ રહે બેરેલ માર્કેટ બોમ્બે હોટલ ગોસીયા મસ્જીદ પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓએ આવી જાહેરાત કરેલ કે પોતાની દીકરી સીમરન ઉ.વ. ૪ ની આજરોજ સાડા બાર વાગ્યાની આસપાસ શાહઆલમ પાનવાળી ચાલી તેની નાની ના ઘરેથી ગુમ થયેલ છે જે બાબતે સીનીયર પોલીસ ઇંન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ નાઓએ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓને આ બાબતે ગુમ થયેલ બાળકીની તાત્કાલીક વીસ્તારમા તથા આજુ બાજુના પોલીસ સ્ટેશન વીસ્તારોમા તપાસ કરી શોધી કાઢવા સુચના કરતા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ નીએ સર્વેલંસ સ્કોડ તથા શી ટીમ ની અલગ અલગ ટીમો પાડી ગુમ થયેલ બાળકીનો ફોટો દરેક કર્મચારીના મોબાઇલ ફોન મા આપી રવાના કરેલ અને સર્વેલનસ સ્કોડે ચંડોળા તળાવ બંગાળીવાસ મીલ્લતનગર વીસ્તાર ની મસ્જીદો તથા શાહ આલમ દરગાહ મા બાળકી ગુમ થયેલ તે બાબતે લાઉડ સ્પીકરમા એનાઉન્સ કરાવેલ અને બાળકીને આસપાસ ના વીસ્તાર મા શોધતા હતા દરમ્યાન આ બાળકી શાહઆલમ રસુલાબાદ માથી મળી આવતા એને પોલીસ સ્ટેશન ખાતે લાવી તેના વાલીને બાળકીનો હેમ ખેમ કબ્જો સોપી સારી કામગીરી કરેલ છે આ કામગીરી કરવાના સર્વેલંસ સ્કોડ ની સાથે શી ટીમ પણ જોડાયેલ તા ૦૧/૧૨/૨૦૧૯